## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



સાલુ, સરકારી ઓફિસમાં જઈએ તે એવું પુછે છે કે, 'ખાતા હૈ ક્યાં...' અને ડોક્ટર પાસે જઈએ તો પુછે છે કે, 'પીતા હૈ ક્યાં...'!!!

# ૧૫ માર્ચે એસ.ટી.ના પૈડા થંભી જશે : કર્મચારીઓની માસ સી. એલ.

## એસ.ટી.ના કર્મચારીઓએ ડેપો સંકુલમાં ઉગ્ર સુત્રોચ્ચાર કર્યા : પડતર પ્રશ્નોના ઉકેલ માટે પ્રબળ માંગ

ગાંધીનગર એસ ટી ડેપોના કર્મચારીઓએ આજે પોતાના પડતર પ્રશ્નોના નિરાકરણની માંગ સાથે ડેપો સંકુલમાં સુત્રોચ્ચાર કર્યા હતા. ડેપોના ૫૦૦ જેટલા કર્મચારીઓ એકત્રિત થઈ પડતર પ્રશ્નોના નિકાલની માંગ સાથે આગામી તા ૧૫મીએ બે દિવસની માસ સી એલ પર ઉતરવાની જાહેરાત પણ કરી હતી. ડેપોના કર્મચારીઓને પગાર પંચનો લાભ, જી પી એસ સિસ્ટમની હેરાનગતિ તેમજ ફિક્સ પગારના કર્મચારીઓને મળવાપાત્ર લાભો નહીં મળતા હોવાનો આક્રોશ વ્યક્ત કરાયો હતો. આગામી તા ૧૫ અને ૧૬ માર્ચ દરમિયાન ગાંધીનગરની એસ ટી બસના પૈડા થંભી જશે.

ગાંધીનગર એસ ટી ડેપોમાં ડ્રાઈવર કંડકટરની ઘટ સાથે અનેકવિધ પ્રશ્નો શિરદર્દ સમાન બન્યા છે.સલામત સવારીને અનુલક્ષી જરૂરી આયોજનના અભાવે મુસાફરોએ પણ હેરાનગતિ વેઠવાનો વારો આવ્યો હોવાનો આક્રોશ પણ પ્રબળ બન્યો છે. જયારે ગાંધીનગર ડેપોને મોડેલ ડેપો બનાવાની યોજના પણ હજુ સાકાર થઈ નથી. બીજીતરફ એસ ટી નિગમના કર્મચારીઓ પણ પડતર પ્રશ્નોને લઈને મુંઝવણભરી સ્થિતિમાં મુકાયા છે. એસ ટી નિગમના કર્મચારીઓને છઠ્ઠા પગાર




પંચ અન્વયે એરિયર્સની રકમ પગાર પંચના અન્ય લાભો, જી પી એસ સિસ્ટમ ફિક્સ કર્મચારીઓને મળવાપાત્ર લાભો સહીતની માંગણીનુ નિરાકરણ ન આવતા રોષે ભરાયા છે. આજે ગાંધીનગર એસ ટી ડેપો ખાતે કર્મચારીઓ એકત્રિત થઈને આ મામલે સુત્રોચ્ચાર કર્યા હતા. જયારે આ દરમિયાન નિગમના કર્મચારીઓએ માસ સી એલ પર ઉતરવાના કાર્યક્રમનુ એલાન કર્યુ હતુ. જેમાં ગાંધીનગર ડેપોના ૪૫૦ કર્મચારીઓએ માસ સી એલ માટેનુ ફોર્મ ભરી દિધુ હોવાનુ પણ જણાંવ્યુ હતુ. આગામી તા ૧૫ અને ૧૬ માર્ચના રોજ એસ ટી ના કર્મચારીઓ માસ સી એલ પર જવાના હોવાથી એસ ટી બસના પૈડા થંભી જશે. એસ ટી ના કર્મચારીઓએ પોતાના પડતર પ્રશ્નોના ઉકેલ માટે પણ પ્રબળ માંગ કરી છે.

# આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે સે-૨૮ શ્રી દત્તમંદિર ખાતે કાનૂની શિબિર યોજાઈ

૮મી માર્ચ આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે પરંપરાગત નારી સન્માન અને અન્ય કાર્યક્રમો દ્વારા ઉજવણી થતી હોય છે. પરંતુ શ્રી દત્તમંદિર, સે-૨૮ના પરિસરમાં વંદેમાતરમ આનંદ ગરબા પરિવારના મહિલા ભકતોએ શ્રી માતાજીની આરાધના દ્વારા ભકિત-શકિત ઉપરાંત જરુરી કાનૂની જાણકારી શકિત પ્રાપ્ત કરવાનું નક્કી કર્યુ. આ સંદર્ભે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ-ગાંધીનગરના સંયુકત ઉપક્રમે મહિલા દિનની પૂર્વ સંધ્યાએ શ્રી દત્તમંદિરમાં એક કાનૂની શિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પેરાલીગલ વોલન્ટીયર સુધીર દેસાઈ અને શ્રીમતી વિમળાબેન અયાચીએ મહિલા ભકતોને મહિલા અધિકારોની વિસ્તૃત જાણકારી આપી હતી.

આ એક વિશિષ્ટ કાનૂની શિબિરના પ્રમુખસ્થાને વંદેમાતરમ આનંદ ગરબા પરિવારના પ્રમુખ શ્રીમતી ભાનુમતીબેન શાસ્ત્રી અને અતિથિવિશેષ પદે શ્રી જયોતિ મહિલા મંડળના સ્થાપક સભ્ય અને જાણીતા મહિલા અગ્રણી શ્રીમતી લતાબેન ચોકસી ઉપસ્થિત રહ્યા હતાં.

શ્રી દત્તમંદિર સે-૨૮ના સમગ્ર સેવાભાવી કર્તાહર્તાઓએ શિબિરના આયોજનમાં પૂર્ણ સહકાર આપી ધન્યતા અનુભવી હતી.




સમસ્ત બ્રહ્માસમાજ મહિલા પાંખ દ્વારા એક અથવા બે દિકરીની માતાને પ્રશસ્તિપત્ર અને મા-દીકરીનું પ્રતિક સમુ ગાય અને વાછડીનું યાને કે માતા અને દિકરીની જોડી આપીને સન્માનવામાં આવ્યા હતા. સાથે સાથે કાનૂની શિબિરનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં વકતા જ્ઞાનદેવીબેન ઉપાધ્યાય અને વિમળાબેન આચાર્યએ મહિલાઓના અધિકારો અને કાનૂની સહાય અંગેની માહિતી આપી હતી. જેમાં મોટી સંખ્યામાં બહેનો-ભાઈઓએ હાજરી આપી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.



## ચિલોડા સ્થિત સહજાનંદ સ્કૂલ ઓફ એચિવરનો બીજો વાર્ષિકોત્સવ 'રેઝોનેન્સ'-૨૦૧૭ ઉજવાયો

કવિવર રવિન્દ્રનાથ ટાગોરે કહ્યું છે 'બાળક એ એક સંવેદનશીલ પંખીડું છે. ઉડવા માટે તેની પાંખોમાં ભરપૂર જોશ અને મનમાં આત્મવિશ્વાસ અને નિર્ભયતા કેળવાય તો તેની ઉડાનને કોઈ રોકી શકતું નથી.' પા...પા... પગલીથી શરુ કરીને પૂર્ણતાને પામતા માતા પિતા અને શિક્ષકો દ્વારા ખૂબ સમજદારીપૂર્વક સહજતાથી બાળઉછેરના બીજ રોપાય તે જરૂરી છે. ચિલોડા સ્થિત સહજાનંદ સ્કૂલ ઓફ એચિવરનો બીજો વાર્ષિકોત્સવ 'રેઝોનેન્સ' ઉજવાઈ ગયો. જેમાં કેજીથી ધો-૯ સુધીના વિદ્યાર્થીઓ દ્વારા મ્યુઝીક-ઓરકેસ્ટ્રા ડાન્સ-નાટકો-સ્કેટિંગ-રોપ મલખમ-કરાટે જેવા વિવિધતાથી ભરપૂર કાર્યક્રમો દ્વારા વિદ્યાર્થીઓમાં છુપાયેલી આંતરિક શકિતને બહાર લાવવાનો ઉત્તમ પ્રયત્ન થયો હતો. કેજીથી ધો-૯ સુધીના દરેક કાર્યક્રમની કોમેન્ટ્રી વિદ્યાર્થીઓએ જાતે જ આપીને આત્મવિશ્વાસ અને નીડરતાનું ઉત્તમ ઉદાહરણ પુરું પાડયું હતું. પોતાના સંતાનોને આટલી નાની ઉંમરે સ્ટેજ પર કોમેન્ટ્રી આપતા જોઈ માતા પિતાએ ગૌરવ અને સંતોષની લાગણી અનુભવી અને વ્યકત કરી હતી. સંસ્થાના સંચાલક દ્વારા વિવિધ એવોર્ડ અને સર્ટીફીકેટ આપીને વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું. તેમનામાં રહેલી શકિતને બિરદાવી અને શાળાના પ્રિન્સિપાલ તથા શિક્ષકોને પણ કાર્યક્રમની સફળતા બદલ અભિનંદન આપ્યા હતા.

# હોળી ધુળેટીના પર્વે ગાંધીનગરથી દાહોદ ઝાલોદ રૂટ માટે ખાસ બસ સેવા

## નગરમાંથી આ રૂટમાં જતા શ્રમિકોની સંખ્યા પણ વિશેષ હોવાથી ચાર દિવસ વધારાની બસો દોડાવાશે

ગાંધીનગર તા ૯

હોળી ધુળેટીના પર્વને અનુલક્ષી એસ ટી ડેપો દ્વારા આદિવાસી વિસ્તાર માટે ખાસ બસો દોડાવવા માટેનુ આયોજન કરવામાં આવ્યુ છે. દર વર્ષે હોળીના પર્વ દરમિયાન આ વિસ્તારમાં વિશેષ ટ્રાફિક રહેતો હોવાના લીધે આમ નાગરિકોને પરેશાની ન વેઠવી પડે અને સલામત સવારી ઝડપથી મળી રહે તે માટે ડેપો કક્ષાએથી આ રૂટમાં ખાસ બસ સેવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. ડેપો દ્વારા તા ૯ થી ૧૨ માર્ચ દરમિયાન દાહોદ ઝાલોર અને ગોધરા વિસ્તારમાં વધારાની ૩૦ જેટલી ટ્રીપો દોડાવાશે.

હોળી ધુળેટીના પર્વ દરમિયાન આદિવાસી વિસ્તારમાં બસ સેવાની વિશેષ જરૂરીયાત ઉભી થાય છે. આ વિસ્તારમાં ખાસ કરીને હોળીના પર્વમાં એસ ટી બસમાં ટ્રાફિક વધુ રહે છે. નગરમાં કામ કરતા આદિવાસી ભાઈ બહેનો તેમજ અન્ય મજુરો હોળીના પર્વ દરમિયાન પોતાના ગામ તેમજ વતન જવા માટે ઉત્સુક હોય છે. આવા સંજોગોમાં પર્વ દરમિયાન આદિવાસી વિસ્તારમાં વિશેષ અવરજવર જોવા મળે છે. એસ ટી તંત્ર દ્વારા આ પર્વ દરમિયાન નાગરિકોને સંબંધિત વિસ્તાર માટે જરૂરી બસ સેવા મળી રહે તે માટે દર વર્ષે ખાસ બસ સેવાનુ આયોજન કરવામાં આવે છે. ડેપો દ્વારા આ વર્ષે પણ દાહોદ ઝાલોદ અને ગોધરા સહીતના વિસ્તાર માટે ખાસ બસ સેવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં તા ૯ થી ૧૨ માર્ચ દરમિયાન ૩૦ ટ્રીપો દોડાવવા માટે ડેપો કક્ષાએ આયોજન કરી દેવાયુ છે. આ મુજબ હાલ આ ખાસ બસ સેવા શરૂ કરી દેવાઈ છે. જયારે શહેરમાંથી પોતાના વતન તરફ જતા આદિવાસી ભાઈ બહેનો માટે ઘ-૨ તેમજ પથિકાશ્રમથી આ બસ સેવા ઉપલબ્ધ થાય તેવુ પણ આયોજન કરવામાં આવ્યુ છે. ગાંધીનગર વિસ્તારમાં પણ બાંધકામ સાઈડ તેમજ અન્ય મજુરી કામ કરતા શ્રમિકોની સંખ્યા વિશેષ છે. જેને અનુલક્ષી હોળી ધુળેટીના પર્વ દરમિયાન આ રૂટ માટે ટ્રાફિક વધુ રહે છે. જયારે સ્થાનિક કક્ષાએથી અવર જવર કરતા મજુર વર્ગ માટે પણ આ બસ સેવા વિશેષ ઉપયોગી થતી હોવાનુ ધ્યાને આવ્યુ છે.

# ગાંધીનગર મેડિકલ કોલેજને દેહદાન-ચક્ષુદાન પ્રાપ્ત થયું

ગાંધીનગર, તા.૯

મહેસાણા જિલ્લાના કડી તાલુકાના ખંડેરાવપુરા ગામના ૬૮ વર્ષીય ખેડૂત પ્રેમજીભાઈ તુલસીદાસ પટેલનું તા. ૮મી માર્ચે કુદરતી



અવસાન થયું હતું. સ્વ. પ્રેમજીભાઈએ તેમની હયાતી દરમિયાન પરિવાર સમક્ષ કરેલ સંકલ્પ અનુસાર તેમના પુત્ર દિપકભાઈ દ્વારા ગાંધીનગરની જીએમઈઆરએસને તેમનું દેહદાન તથા ચક્ષુદાન કરવામાં આવ્યું હતું. આ અંતર્ગત તા. ૮મી માર્ચે દિપકભાઈએ સ્વ. પ્રેમભાઈનો દેહ તથા ચુક્ષુનું દાન કર્યુ હતું.

આ દેહ-ચક્ષુદાન માટે તબીબી સેવાઓ ડૉ. પ્રશાંથી તથા ડૉ. સૌરભે આપી હતી. જુનિયર સિટિઝન કાઉન્સિલ દ્વારા દેહ-ચક્ષુદાન દાતાના પરિવારજનોને આભાર પત્ર આપી આ સરાહનીય પ્રવૃત્તિને બિરદાવી હતી. આ પ્રસંગે જુનિયર સિટીઝન કાઉન્સિલના કાર્યકરો દિનેશભાઈ દવે, એડવોકેટ હીતેશભાઈ રાવલ ઉપસ્થિત રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે સ્વ. પ્રેમજીભાઈના ભાઈ અમૃતભાઈના પુત્રનું વર્ષ ૨૦૦૪માં અકસ્માતમાં અવસાન થતા તેમના ચક્ષુનું પણ દાન કરવામાં આવ્યું હતું. આ પ્રેમજીભાઈના ચક્ષુનું દાન અમદાવાદ આઈ બેંકમાં પહોંચાડવાની સેવા જુસિકાના ડ્રાઈવર ગણપતભાઈ મકવાણાએ આપી હતી.



વિશ્વ મહિલા દિનની ઉજવણી માટે નગરના દરેકે પોતાની શકિત અનુસાર યોગદાન આપી મહિલાઓ પ્રત્યે આદર-સન્માન વ્યકત કર્યા હતા. સે-૭માં યુનાઈટેડ ચેરીટબલ ટ્રસ્ટ દ્વારા આ દિવસે મહિલાઓને નિઃશુલ્ક ફિઝિયોથેરેપીની સારવાર-માર્ગદર્શન પુરા પાડવામાં આવ્યા હતા. આ સેવાને આશરે ૫૦થી વધુ મહિલાઓએ લાભ લીધો હતો.

# આવતીકાલથી ત્રણ દિવસ બેન્કો બંધ

શનિવારથી તમામ બેંકોમાં ત્રણ દિવસની રજા રહેશે. જેથી બેન્કીંગ કર્મચારીઓમાં ખુશીનું મોજુ ફરી વળ્યું છે. સાથે સાથે ઉજવણીના મૂડમાં પણ આવી ગયા છે.શનિવારથી લઈ મંગળવાર સુધીના બેન્કના તમામ જરૂરી કામો શુક્રવારે જ પૂર્ણ કરી લેવા કે જેથી હોળીના સમયે નાણાની તકલીફ સહન ન કરવી પડે. શનિવારથી સોમવાર તમામ બેન્કો બંધ રહેશે. તા. ૧૨ અને ૧૩ એટલે કે રવિવાર અને સોમવાર હોળી ધુળેટીનો તહેવાર છે. ઉપરાંત તા. ૧૧એ મહિનાનો બીજો શનિવાર હોવાથી બેન્ક બંધ રહેશે. મંગળવારથી બેન્કોમાં રાબેતા મુજબ કામ શરૂ થશે માટે બેન્કને લગતા તમામ કામ શુક્રવાર સુધીમાં પુરા કરી લેવા. નોટબંધી બાદ વારંવાર એટીએમમાં પણ નાણા પુરા થઈ જવાની સ્થિતિ બનતી હોય છે. માટે બની શકે કે, ૩ દિવસની રજા દરમિયાન એટીએમમાં પણ લાંબી કતારો જોવા મળે. બેન્કોમાં ૩ દિવસની રજાના કારણે માત્ર એટીએમના ભરોસે રહેવુંપડશે. જ્યારે નોટબંધી બાદથી લઈ અત્યાર સુધીના નાણાની સપ્લાય સુધક્ષ સામાન્ય થઈ નહોતી.

## ગાંધીનગરમાં ગુજરાત ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટીનો ત્રીજો પદવીદાન સમારોહ સંપન્ન

# મુખ્યમંત્રીના હસ્તે ૨૫૩ છાત્રોને પદવી-મેડલ્સ એનાયત



મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ વર્તમાન સમયમાં સાયબર ક્રાઈમ, ટેરરીઝમ, આધુનિક ગુન્હાખોરીની ચૂનૌતીઓનો સામનો કરી સત્ય-નિષ્ઠા-ધર્મનીતિની દિશામાં કાર્યરત રહી સ્વસ્થ-ફિયરલેસ સમાજ, રક્ષિત સમાજ માટે દાયિત્વ નિભાવવા યુવા છાત્રોને પ્રેરક આહવાન કર્યુ છે.

મુખ્યમંત્રીશ્રીએ ગુજરાત ફોરેન્સીક સાયન્સીસ યુનિવર્સિટીના તૃતીય પદવીદાન સમારોહમાં દિક્ષાંત પ્રવચનમાં આ આહવાન કર્યુ હતું. શ્રી વિજયભાઈ રૂપાણીએ વિશ્વની પ્રથમ ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટીની સ્થાપના વર્તમાન પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના દ્રષ્ટિવંત આયોજનનો પરિપાક છે તેનો હર્ષ વ્યકત કર્યો હતો.

આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, વિશ્વને સતાવી રહેલી ટેરરિઝમ, નકસલીઝમ, સાઈબર ક્રાઈમ જેવી આધુનિક ગુન્હાખોરીને નાથવા સમયાનુકુલ પ્રશિક્ષિત માનવબળ અને અદ્યતન શિક્ષા-દિક્ષા સમયની માંગ છે. સમાજની આવશ્યકતા પણ છે.

મુખ્યમંત્રીશ્રીએ આ યુનિવર્સિટીના ફોરેન્સીક સાયન્સ, સાયબર સિકયોરિટી, ફોરેન્સીક એકાઉન્ટીંગ, ફોરેન્સીક બાયોટેકનોલોજી, ઈન્વેસ્ટીગેશન સાયન્સ જેવા અભ્યાસક્રમો આવનારા દિવસોમાં પોલીસ, જ્યુડીશ્યરી અને મેડીકલ ક્ષેત્રને પણ યોગ્ય ટેકનોલોજીના વિનિયોગથી સુરક્ષિત સમાજવ્યવસ્થા માટે માર્ગદર્શક બનશે તેવો વિશ્વાસ દર્શાવ્યો હતો.

શ્રી વિજયભાઈ રૂપાણીએ શિક્ષા પદવી પ્રાપ્ત કરી રહેલા યુવાનોને શિક્ષા સાથે દિક્ષાનો પણ સમન્વય કરીને કતૃત્વ ધર્મ-સત્ય નિષ્ઠાથી વ્યકિતગત ચારિત્ર્ય નિર્માણ સાથોસાથ રાષ્ટ્ર-સમાજ નિર્માણમાં પણ દાયિત્વ નિભાવવા પ્રેરણા આપી હતી. તેમણે યુવા છાત્રોને ઉજ્જવળ ભાવિની શુભેચ્છા પાઠવી હતી.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, આ યુનિવર્સિટીમાંથી મેળવેલ જ્ઞાન-કૌશલ્યના સમાજ હિતાર્થે ઉપયોગ દ્વારા અપરાધમૂકત અને ગુન્હેગારોને નશ્યત કરી સૂલેહ-શાંતિ-ન્યાયિક સલામત સમાજવ્યવસ્થામાં યોગદાન આ યુવાશકિત આપી શકશે. તેમણે આ યુનિવર્સિટી વર્લ્ડ બેસ્ટ અને સ્ટેટ ઓફ ધ આર્ટ બની છે તેની ભૂમિકા આપી હતી.

શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતના ગૌરવસમી આ વિશ્વ વિદ્યાલયમાં બાંગ્લાદેશ, મ્યાનમાર જેવા અન્ય રાષ્ટ્રોના પોલીસ અફસરો પણ સાઈબર સિકયુરિટીની તાલીમ લઈ રહ્યા છે તેનો આનંદ વ્યકત કર્યો હતો.

જીએફએસયુના પદવીદાન સમારોહમાં રાજ્ય ગૃહમંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજાના હસ્તે પણ વિદ્યાર્થીઓનો પદવી અને ગોલ્ડ મેડલ એનાયત કરવામાં આવ્યા હતા. આ ત્રીજા પદવીદાન સમારોહમાં અલગ અલગ ફેકલ્ટીઓના કુલ ૨૫૩ વિદ્યાર્થીઓને પદવીઓ એનાયત કરવામાં આવી હતી. જેમાં ૧૯ વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલ તેમજ ત્રણ વિદ્યાર્થીઓને ડૉકટરેટની પદવી એનાયત કરાઈ હતી.